# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-06-2024 Evening : 7.50 to 8.00
Day : SUNDAY National News

**આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.**

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીમાં બંધારણ અને લોકશાહીમાં પુનઃવિશ્વાસ વ્યક્ત કરવા બદલ નાગરિકોનો આભાર માન્યો
- ✓ પ્રધાનમંત્રીએ સ્થાનિક ઉત્પાદનો ઉપર ભાર મૂકીને વોકલ ફોર ગ્લોબલના વિચારને પ્રાધાન્ય આપવા બદલ સહકારી સમિતિઓને બિરદાવી
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુના ત્રણ પુસ્તકોનું વિમાચન કર્યું
- ✓ નીટની પરીક્ષામાં ગેરરીતી મામલે બિહારની બેઉર જેલમાં બંધ આરોપીઓની પૂછપરછ કરી
- ✓ 5. કોહલી, રોહિતની નિવૃત્તિ બાદ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રવિન્દ્ર જાડેજાએ પણ નિવૃત્તિની જાહેરાત કરી .

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં તેમના વિશ્વાસને પુનરાવર્તિત કરવા બદલ દેશવાસીઓનો આભાર માન્યો હતો. આજે આકાશવાણી પરથી મનકી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ દેશવાસીઓને કહ્યું કે, 2024ની સામાન્ય ચૂંટણી વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી.

(બાઇટ- પીએમ- 1)

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા એક દાયકા દરમિયાન ભારતમાં વન વિસ્તારનો અભૂતપૂર્વ વિસ્તરણ થયો છે અને અમૃત મહોત્સવ દરમિયાન દેશભરમાં 60 હજારથી વધુ અમૃત સરોવરો પણ બનાવવામાં આવ્યા હતા.

ચોમાસાના ઉલ્લેખની સાથે શ્રી મોદીએ કેરળમાં બનેલી ખાસ છત્રી - 'કાર્થુમ્બી' નો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આનાથી વધુ સારું ઉદાહરણ વોકલ ફોર લોકલ ન હોઈ શકે. જમ્મુઅને કાશ્મીરના બરફના વટાણાનું ઉદાહરણ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે બરફના વટાણાનો પહેલું ઉત્પાદન પુલવામાંથી લંડન મોકલાયું હતું.

(બાઇટ- પીએમ- 2)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈત સરકારે તેના રાષ્ટ્રીય રેડિયો પર હિન્દીમાં વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો તે માટે તેમણે કુવૈત સરકાર અને તેના લોકોનો આભાર માન્યો હતો.

યોગ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વએ દસમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરી.

........2........

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમય સુધીમાં આવતા મહિને પેરિસ ઓલિમ્પિક શરૂ થઈ જશે. તેમણે ભારતીય ટુકડીને ઓલિમ્પિક ગેમ્સ માટે શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ આકાશવાણી પરિવારને પણ અભિનંદન પાઠવ્યા હતા કારણ કે આકાશવાણીએ સંસ્કૃત બુલેટિન આજેતેના પ્રસારણના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. શ્રીમોદીએ કહ્યું કે, એક સપ્તાહ પછી પવિત્ર રથયાત્રા શરૂ થવા જઈ રહી છે. તેમણે ભગવાન જગન્નાથના આશીર્વાદ તમામ દેશવાસીઓ પર રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમણે અમરનાથ યાત્રા અને પંઢરપુર વારીનો પણ ઉલ્લેખ કર્યો અને આ યાત્રાઓમાં ભાગ લેનાર તમામ શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી. શ્રી મોદીએ પણ અષાઢી બીજની શુભકામનાઓ પાઠવી હતી.

# PM NAIDU BOOK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે, વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુની જીવન યાત્રા પર ત્રણ પુસ્તકોનું વિમોચન કર્યુંહતું. નાયડુની 75મી જન્મજયંતિ પર અન્વયા કન્વેન્શન સેન્ટર, ગાચીબોવલી, તેલંગાણા ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ નાયડુને અભિનંદન આપતાં કહ્યું હતું કે," તેમની જીવનચરિત્ર અને અન્ય બે પુસ્તકો લોકોને, સાચી દિશામાં કામ કરવાની પ્રેરણા આપશે. સાથે કામ કરતી વખતે તેઓ પોતે પણ, તેમનાથી પ્રેરિત થયા છે." ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ, તેમના કેબિનેટ સાથીદાર અને દેશના ઉપરાષ્ટ્રપતિ તરીકે તેમની પાસેથી કામ કરવાનીઅને શીખવાની ઘણી તકો મળી છે.

આજે પ્રકાશિત થયેલા ત્રણએ પુસ્તકોમાં ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ 'વેંકૈયા નાયડુ-લાઈફ ઈન સર્વિસ',, ફોટો ક્રોનિકલ 'સેલિબ્રેટિંગ ઈન્ડિયા, 'ગ્રેટનેસ-એમ. એસ. નાગેશ કુમાર, તેમના ભૂતપૂર્વ સચિવ આઈ.વી. સુબ્બા રાવ,સંજય કિશોર દ્વારા લખાયેલ અને સંકલિત કરવામાં આવ્યાં છે.

# BIHAR CBI NEET

સીબીઆઇએ આજે NEET UG પરીક્ષાના કથિત પ્રશ્નપત્ર લીક કેસમાં કેટલાંક આરોપીઓની વધુ પૂછપરછ કરી છે. બિહારના પટનાની બેઉર સેન્ટ્રલ જેલમાં આરોપીઓની સતત બીજા દિવસે પૂછપરછ કરી હતી. અત્યાર સુધીમાં એજન્સીએ બિહાર અને ઝારખંડમાંથી પાંચ શકમંદોની ધરપકડ કરી છે.

કેન્દ્રીય એજન્સી 13 અન્ય આરોપીઓની પણ પૂછપરછ કરી રહી છે જેઓ બેઉર જેલમાં બંધ છે; તેઓની અગાઉ બિહાર પોલીસના ઇકોનોમિક ઓફેન્સ યુનિટ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ 24મી જૂને ઇકોનોમિક ઓફેન્સ યુનિટ પાસેથી કેસ સંભાળ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# AMRNATHYATRA THIRD GROUP

અમરનાથ યાત્રામાટે શ્રદ્ધાળુઓનો ત્રીજો સમૂહ, રવિવારે સવારે સુરક્ષા કાફલામાં જમ્મુથી ઘાટી જવા રવાના થયો હતો. જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી 319 વાહનોના બે સુરક્ષા કાફલામાં 6 હજાર 619 મુસાફરોનો ત્રીજો સમૂહ કાશ્મીર ઘાટી જવા રવાના થયો હતો.

આજે નીકળેલા ત્રીજા સમૂહમાં 3 હજાર 838 મુસાફરો, સવારના 4 વાગ્યે વાહનોમાં સવાર થઈને પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા અને 2 હજાર 781 મુસાફરો, વાહનોમાં સવાર થઈને સવારે 4.30 વાગ્યે બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા. બંને કાફલાને સુરક્ષા દળો દ્વારા સુરક્ષા આપવામાં આવી રહી છે.

આ વર્ષની યાત્રા દરમિયાન 7000 થી વધુ સેવાદાર સ્વયં સેવકો યાત્રાળુઓની સેવા કરી રહ્યા છે. મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવા માટે રેલવેએ 3 જુલાઈથી વધારાની ટ્રેનો દોડાવવાનો નિર્ણય કર્યો છે. બંને માર્ગો પર યાત્રાળુઓ માટે હેલિકોપ્ટર સેવાઓ પણ ઉપલબ્ધ છે. હેલિકોપ્ટર સેવાનો પણ વધુને વધુ લોકો લાભ લઇ રહ્યાં છે.

# WORLD BANK INDIA

વિશ્વ બૅંકે ભારતને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે 150 કરોડ ડૉલરની નાણાકીય સહાયને મંજૂરી આપી દીધી છે. ગ્રીન હાઇડ્રોજન અને ઇલેક્ટ્રોલાઇઝર માટે બજારને પ્રોત્સાહન તેમજ પુનપ્રાપ્ય ઊર્જાને વધારવા હેતુથી આ નાણાકીય સહાય જાહેર કરાઈ છે.

આ પૂર્વે જૂન, 2023માં વિશ્વ બૅંકે પ્રથમ નિમ્ન-કાર્બન એનર્જી પ્રોગ્રામૅટિક ડેવલપમૅન્ટ પૉલિસી ઑપરેશન માટે દોઢસો કરોડ ડૉલરની સહાયના પ્રથમ હપ્તાને મંજૂરી આપી હતી.

રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન અને ઊર્જા પરિવર્તન લક્ષ્યોની પ્રાપ્તી એ ભારતનો હેતુ છે, જે માટે ભારત ભંડોળ મેળવવા પ્રયાસ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારે વર્ષ 2030 સુધી 500 ગીગાવૉટ પુનપ્રાપ્ય ઊર્જા હાંસલ કરવાનો તેમજ 2027 સુધી કાર્બન ઉત્સર્જન શૂન્ય સુધી લઈ જવાનો લક્ષ્યાંક મૂક્યો છે.

# THREE LAWS

દેશમાં આવતીકાલથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી અમલમાં આવશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે નિયમિત બેઠક યોજી છે અને તેઓ આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલૉજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

આ મામલે પોલીસ અને તપાસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. આકાશવાણી અને દૂરદર્શનના સમાચાર બૂલેટિન, કાર્યક્રમો, ચર્ચાઓ અને સામાજિક માધ્યમના પ્લેટફૉર્મની મદદથી આ વિષય અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ તેમ જ વિશ્લેષણ કરવામાં આયા છે. જનજાગૃતિ અભિયાન, સંવાદ કાર્યક્રમ, માહિતીપ્રદ વેબસાઈટ્સ અને મંત્રીસ્તરના વેબિનારનું આયોજન પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાલય અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસક્રમ મોડ્યુલને ફરજિયાતપણે સામેલ કરવામાં આવ્યો.

નવા ફોજદારી કાયદાઓમાં તપાસ, કેસ અને અદાલતની કાર્યવાહીમાં ટેકનોલૉજી-તકન પર ભાર આપવામાં આવ્યો છે. આ માટે નેશનલ ક્રાઈમ રેકૉર્ડ બ્યૂરો – N.C.R.B.એ વર્તમાન ગુનાઓ અને ગુનાખોરીના ટ્રેકિંગ નેટવર્ક તેમ જ પ્રણાલી C.C.T.N.S. એપ્લિકેશનમાં 21 કાર્યાત્મક ફેરફાર કર્યા છે.

# TAMAKU KHEDUT

કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે અને તમાકુના ઉદ્યોગ સાથે જોડાયેલા હિતધારકોના હિતોનું રક્ષણ કરવા અને તેમની તમામ સમસ્યાઓના નિરાકરણ કરવાની ખાતરી આપી છે. ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં તમાકુના ખેડૂતો અને તમાકુ ઉદ્યોગના પ્રતિનિધિઓને સંબોધિત કરતા તેમણે ખાતરી આપી કે, ખેડૂતો દ્વારા ઉત્પાદન કરવામાં આવતા તમાકુ પર દંડ માફ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

શ્રી ગોયલે તમાકુના ખેડૂતોને આગ્રહ કર્યો કે, તેઓ બેન્ક પાસેથી નવ ટકા વ્યાજદર સાથે લીધેલી લૉન પર કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ ત્રણ ટકા વ્યાજ મુક્તિનો પણ લાભ ઉઠાવે. શ્રી ગોયલે ઉંમેર્યું કે, કેન્દ્ર સરકાર ખેડૂતોના હિતની રક્ષા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. વાણિજ્ય મંત્રીએ ખેડૂતોની નોંધણીની માન્યતાનો સમયગાળો એક વર્ષથી વધારે આગામી પાકના લણણીની સીઝનથી ત્રણ વર્ષ સુધી કરવાની જાહેરાત કરી છે. તેમણે ખેડૂતોને પોતાની ઑનલાઈન નોંધણી કરાવવાનો પણ આગ્રહ કર્યો.

# GEN-MANOJ-PANDE.rtf

ચાર દાયકાથી વધુ સમયની વિશિષ્ટ સેવા પછી આજે જનરલ મનોજ પાંડે નિવૃત્ત થયા હતાં. આર્મી સ્ટાફના વડા તરીકેની જવાબદારીમાંથી તેઓ મુક્ત થયા હતા.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે યુધ્ધની તૈયારી, પરિવર્તનને પ્રોત્સાહન આપવુ તેમજ  આત્મનિર્ભર બનવાની કોઇપણ પહેલને આગળ લઇ જવાના પ્રયાસ માટે તેમના કાર્યોને યાદ કરાશે   આર્મી ચીફ તરીકે જનરલ મનોજ પાંડેએ ઉત્તરી અને પશ્ચિમી સરહદો પર ઓપરેશનલ તૈયારીઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી. તેમણે જમ્મુ અને કાશ્મીર, પૂર્વીય લદ્દાખ અને ઉત્તર પૂર્વની અવારનવાર મુલાકાત લીધી   તેમની સેવા માટે, તેમને પરમ વિશિષ્ટ સેવા ચંદ્રક, અતિ વિશેષ સેવા ચંદ્રક અને વિશિષ્ટ સેવા ચંદ્રકના પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે.

# JADEJA RETIRERD

વિરાટ કોહલી, રોહિત શર્મા બાદ જામનગરના જડડુ રવિન્દ્ર જાડેજાએ પણ T20 વર્લ્ડકપ ફોર્મેટ માંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે.. નિવૃત્તિની જાહેરાત કરતા સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રેમીઓનો રવિન્દ્ર જાડેજાએ આભાર વ્યક્ત કર્યો હતો..

સોશિયલ મીડિયા પોસ્ટમાં જાડેજાએ કહ્યું હતું કે કૃતજ્ઞતાથી ભરેલા હૃદય સાથે, હું T20 આંતરરાષ્ટ્રીય મેચોને વિદાય આપું છું. ગર્વ સાથે કહું છે કે મેં હંમેશા મારા દેશ માટે મારું સર્વશ્રેષ્ઠ આપ્યું છે અને અન્ય ફોર્મેટમાં આમ કરવાનું ચાલુ રાખીશ. T20 વર્લ્ડ કપ જીતવો એ એક સ્વપ્ન હતું, જે સાકાર થયું છે.. યાદો, ઉત્સાહ અને અતૂટ સમર્થન બદલ આભાર. જોકે ટી-20 સિવાયના બાકીના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ફોર્મેટમાં જાડેજા રમશે..